પોષ, ૨૦૭૪

આર્ષ

જાન્યુઆરી, ૨૦૧૭

સાહિત્યમાંના જીવન અને જીવનમાંના સાહિત્યનું સામયિક

૦૩ બે પત્રકાવ્યો / દલપતરામ અને શિવ પંડ્યા

૦૫ ત્રણ પત્રો / હોરાસિયો ક્યુરોગા / સતીષ વ્યાસ

૧૦ ઘાટીને ખુલ્લો પત્ર / જ્યોતિન્દ્ર દવે

૧૫ પત્રવિશેષ / ભગવતીકુમાર શર્મા

૧૯ સાહિત્યમાં જીવન / સંદીપ ભાટિયા

૨૩ ઉમાશંકરનો સુન્દરમને પત્ર

૨૫ આજની ઘેલછા આપતી કાલની પીડા બની રહેવાની

પત્ર-સ્તાવના

વહાલેરા વાચક,

આ પ્રસ્તાવનાહિસ્સો આ અંક પૂરતો આપણા બે વચ્ચે (અંગત) પત્રઅવસર બન્યો છે. એની આમન્યા તારે જાળવવાની છે. અમે તો, આર્ષ તરીકે તો, સાવ અકિંચન, છેલ્લા આઠ અંકોમાં અમારા ઉદ્દેશ્યોને સુસ્પષ્ટ કરીને ચોખ્ખાચણાક થઈ સહુ સામે ઊભા છીએ, અને હવે આ નવમા અંકની પત્રસામગ્રી સાથે ફરી પ્રકટ્યા છીએ. તીવ્ર સંવેદના એટલી જ કે શું આ આર્ષપ્રયાસો જીવનસાહિત્ય અને સાહિત્યજીવનના સંબંધને ફરી તરોતાજા કરશે? કે ઊણા ઊતરશે? પ્રશ્નો તો અનેક અને પડકારો? કદાચ હોય-કદાચ નહીં. અણધાર્યાની જ ધારણા બાંધ્યા કરી છે ને એમ ગાડી આગળ ચાલી છે, ચાલે છે, ત્રણ સ્ટેશન દૂર છે અને આપણો સ્નેહ? માપીને મૂકાય એવા સાધનની શોધમાં છીએ.

એક-બે-ચાર-છની ગણતરી માંડતામાંડતા આર્ષનો આ અંક નવમો આવી ઊભો ત્યારથી કંઈક વિશિષ્ટ ઊપજાવવાનો સળવળાટ તો હતો જ... નવમા અંકની થાળીમાં વાનગીઓ જૂજવી, પણ દરેકના રૂપરંગમાં એક સામ્યતા ભભરાવી છે. આખા અંકને જે પ્રયોગના વાઘા પહેરાવ્યા છે, એ વાઘા એટલે પત્રવિચાર.

આધુનિક સમયમાં પત્ર વ્યાવહારિક જગત કરતાં સાહિત્યિકસ્પર્શની બાબત વધારે બન્યો છે એ જ હકીકતને આર્ષે ઝીલવાનો પ્રયાસ કર્યો છે. આ અંકની સામગ્રી, કવિતા-વાર્તા-નિબંધ-વિશેષ વગેરે બધું પત્રરૂપે શોધી-ખંખોળી ઠાલવ્યું છે. અગાઉ પત્રશબ્દો જીવનના સાચ્ચેસાચ્ચા ધબકાર ઉપરાંત જે સાહિત્યિકસંવેદનાનું પ્રતિનિધિત્વ લઈ લખાતા હતા, લખાતા રહે છે, એ બાબત અને આર્ષસિદ્ધાંતોની ભેળસેળ કરવાનો શ્રમ એટલે આ અંક.

સામગ્રી વિશે બને એટલું થોડામાં કહીએ તો દલપતરામની સીધીસાદી ભજન-કવિતામાં વિરહી સીતાજીનો રામ પર લખાયેલો પોકારપત્ર છે, સાથેસાથે શિવ પંડ્યાનો ટૂંકોટચ પદ્યાગદ્ય ટૂકડો પણ સચોટ પત્રસંવેદન પૂરું પાડે છે. સતીશ વ્યાસ(મુંબઈ) અનુવાદિત એક વિદેશી વાર્તા ‘ત્રણ પત્રો’ જલસામય રસપ્રદતાને પોષે છે, તો હાસ્યેન્દ્ર જ્યોતિન્દ્ર દવેનો ‘ઘાટીને ખુલ્લો પત્ર’ વાચનારની નસોમાં હાસ્યની રેલગાડી દોડાવે એવો છે. આર્ષમિત્ર માટે વિશિષ્ટ પત્રસામગ્રી તરીકે

આપણા કવિ સંદીપ ભાટિયાએ અંગત લાગણી-સ્મરણોને પત્રમાં પડીકી વાળીને આપ્યા છે એ આપણા સહુની સહિયારી ઉપલબ્ધિ. ઉપરાંત યુવાન ઉમાશંકરે પ્રિય મિત્ર સુન્દરમને લખેલા પત્રના અંશમાં કવિસંઘર્ષ સામે કાચી ઉંમરમાં પણ પાક્કી કવિભાવનાઓ ગદગદ કરાવી નાખે એવી છે. ભગવતીકુમાર શર્મા લિખિત યાદગાર નવલકથા અસૂર્યલોકમાં, (મોટાભાગે થાય છે એમ) પ્રેમીકા સત્યા બીજે પરણી ગઇ છે, એ પછી પણ એ, પોતાના જૂના પુસ્તકપ્રેમી-પોથીપંડિત પ્રેમી તિલકને પત્રો લખે છે, એમાંના બે સુન્દર પત્રો ધાપીને મૂક્યા છે, જેની પાછળ હેતુ અમારી પત્રસામગ્રીની લાલચ પોષવા સાથે એ નવલકથાના સંપૂર્ણ રસનો આછેરો સ્પર્શ વાચકો સુધી પહોંચાડી, એમને આખી નવલ (વાંચેલી હોય તો ફરી ને ન વાંચેલી હોય તો વહેલી તકે) વાંચવા પ્રેરવાનો પણ ખરો. વત્તા અનિવાર્યપણે 'મુંબઈ ગુજરાતી'વાત.

લ્યો, સામગ્રીની વાત પૂરી, પણ સંવેદનની વાત અધૂરી રહી, ક્યાંક તો અટકવું જ રહ્યું, પણ એ જ અધૂરપ આપણને પરસ્પર વધુ મળવા-લખવા-ચર્ચવા-સંકળાવવા પ્રેરશે એવી આશા રાખવી? હાલ તો રાખીને, શબ્દપ્રભુને આપણા બેઉની સ્વસ્થતા યાચીને, પૂર્ણવિરામ મૂકીએ...

- આર્ષ મિત્રો.

આર્ષ ઓનલાઈન સામયિકઃ જાન્યુઆરી ૨૦૧૮ / પોષ ૨૦૭૪
અંકઃ બારમાંનો નવમો
સંપર્કઃ aarsh.magazine@gmail.com
આર્ષના અંકો મુંબઇ ગુજરાતીની વેબસાઇટ,
www.mumbaigujarati.com/aarsh, પરથી ડાઉનલોડ કરી શકાશે.

(નોંધઃ આ સામયિક સાહિત્યના મિત્રો માટેનું અને એ જ મિત્રો દ્વારા સંચાલિત થનારું મૈત્રી સામયિક છે. તદ્દન બિનધંધાદારી અને નિઃશુલ્ક આ મેગેઝિનના સંપાદક કોણ એવો પ્રશ્ન થાય તો જણાવી દઈએ કે સાહિત્યના મિત્રો જ આ સામગ્રીના સંપાદક છે. આ પ્રવૃત્તિના સારાં-નરસાં પરિણામો માટે જવાબદાર પણ એ બધા જ ! ઉપરાંત, અહીં પ્રકાશિત પુસ્તકોમાંથી ગમતી વાર્તા-કવિતા કે કૃતિના ચૂંટેલા અંશ અમે મૂકીએ છીએ. એ સર્વેના કાયદાકીય અધિકારો જે-તે પુસ્તકના અધિકારો ધરાવનારના જ ગણાશે. આથી કૃતિ સાથે એ પુસ્તકની વિગતો પણ મૂકી છે. અમારો હેતુ માત્ર પુસ્તકમાં બંધ આનંદને બહાર કાઢી ઈન્ટરનેટ દ્વારા વધારે ને વધારે ચાહકો સુધી પહોંચાડવાનો છે).

બે પત્રકાવ્યો

સ્વસ્તિ શ્રી શુભ સ્થાન સોહામણું જ્યાંહે રાજે સદા રઘુનાથ;
કાગળ લખે કામની.
લખે લંકા થકી સીતા સુંદરી, હેતે વંદે જોડી હાથ.

પત્ર આવ્યો તમારો પ્રીતિભર્યો, વહાલા વાંચી થયો વિશરામ;
પણ જીવન તમથી જુદાં પડે, ઘણા દિવસ થયા ઘનશ્યામ

માટે મળવાને મન અકળાય છે, ઘડીએક તે જુગ જેવી જાય;
મારાં નેણનાં નીરથી નાથજી, સૂતાં રજનીમાં સેજ ભીંજાય.

ઘેર ચાલો હવે તો ઘણી થઈ, નહીં તો જીવડો જાશે જરૂર;
દૈવે પાંખો આપી હોય પિંડમાં, ઊડી આવું દેશાવર દૂર.

વાહાલા નિત્ય નવી વારતા વાંચીએ, જેથી પામીએ પૂરો પ્રમોદ;
ચતુરાઈના રોજ હું ચાળવું, આવો વિદ્યાના કરીએ વિનોદ

તાંબા કૂંડી ઊંડી રૂડી ઓપતી, ભાવે ભરું માંહી નિર્મળાં નીર;
બેસો બાજોઠે ચડી મારા ચોકમાં, સ્વામી નવરાવું ચોળી શરીર.

કરું સરસ રસોઈ રૂડી રીતથી, પ્રીતે પીરશીને બેસું હું પાસ;
એવા દિવસ તે કેદી દેખાડશો, ક્યારે અંતરથી પૂરશો આશ.

સ્વામી તમ વિના પિયર તે સાસરું, સૂનો લાગે છે સઘળો સંસાર;
મારા માથાથી મોંઘા પ્રભુ તમે, મારા આતમના છો આધાર.

આવે પરવના દિન સુખ સર્વને, હું તો શોકે ઉદાસી સદાય;
ગાજે મેઘ ને દમકે જો દામની, આખી જામની જંપ ન થાય.

હું તો સૂની દેખું સુખ સેજડી, ખાલી મંદિર ખાવાને ધાય;
ભરી વસ્તી ઉજડ જેવી ભાસે છે, એક તમ વિના ત્રિભુવનરાય.

વાહાલા હું તમને કેમ વીસરી, કેમ વીસર્યું દાદાનું વતન;
પત્ર વાંચીને વેહેલા પધારજો, સ્વામી શરીરનાં કરજો જતન.

કોઇને દુખિયાં દેખીને દુઃખ પામતા, તેવી નાથ તમારી છે ટેવ;
આવે અવસરે કેમ કઠણ થયા, તમે દલપતરામના દેવ.

કાગળ લખે કામની.

~ દલપતરામ

***

હવે –
મુંબઈ આવો
ત્યારે –
લેતા આવજો
મશરૂના કપડે વીંટીને –
કોયલનો અખબારી ટહુકો,
ભીની માટીની મૈથુની સુગંધ,
મોરની ગૌરવાન્વિત ચાલ
ભાંભરતી ગાયની પવિત્રતા,
બોઘરણે પડઘાતી દૂધ-ધારાનો
મંજૂલ ધ્વનિ,
ઘંટીમાં દળેલો પ્રભાતિયાનો રવ,
વલોણાના દહીંનો લયબદ્ધ વલોપાત –
કેટલું લખું?
ત્યાં સુધી –
ફ્લાવરવાઝનાં ફૂલોને
જોયા કરીશ
હું
અપ્રસન્ન ચિત્તે.

~ શિવ પંડ્યા

(બંને કવિતાઓ 'બૃહત્ ગુજરાતી કાવ્ય સમૃદ્ધિ' માંથી)

ત્રણ પત્રો – હોરાસિયો યૂરોગા (અનુવાદ: સતીશ વ્યાસ)

મહોદય શ્રી,

હું આપને કેટલાક પેરેગ્રાફ્સ મોકલાવું છું. અને આશા રાખું છું કે તમે તમારા નામથી છપાવવાની મહેરબાની કરશો. આ વિનંતી હું એટલા માટે કરું છું કે મને કહેવામાં આવ્યું છે કે જો હું મારા નામથી મોકલાવીશ તો કોઇ અખબાર પ્રગટ નહીં કરે. મારા વિચારોને પુરુષે લખ્યા હોય એવું લગાડવા માટે જો જરૂર લાગે તો તમે એમાં ફેરફાર કરી શકો છો. મને ખાત્રી છે કે એનાથી ફાયદો જ થશે.

કામ માટે મારે દિવસમાં બે વાર બસમાં મુસાફરી કરવી પડે છે. છેલ્લાં પાંચ વરસથી મારી આ જ દિનચર્યા રહી છે. પાછા આવતી વખતે મારી કોઇને કોઇ બહેનપણી સાથે હોય છે પણ કામ પર જતી વખતે તો મારે એકલીએ જ જવું પડે છે. હું વીસ વરસની છું. ઊંચી પણ પાતળી નહીં, શ્યામવર્ણી તો બિલકુલ નથી. ચહેરો લંબગોળ છે પણ નિસ્તેજ નથી. મને લાગે છે કે મારી આંખો પણ નાની તો નથી જ. મેં જે ચહેરા - દેખાવનું સભ્યતાપૂર્વક વર્ણન કર્યું તેના પર તમારું ધ્યાન ગયું જ હશે. મને આનાથી બધા જ પુરુષો (હકીકતમાં 'બધા' એમ કહેવામાં હું મારી જાતને રોકી નથી શકતી) વિષે અભિપ્રાય નક્કી કરવામાં મદદ મળી રહે છે.

તમને પણ આ વાતની ખબર હશે જ કે બધા પુરુષોને બસમાં બેસતા પહેલાં બધી બારીઓ પાસે બેઠેલા લોકો પર નજર કરવાની આદત હોય છે. આમ તમે બધા ચહેરા (ખાસ કરીને સ્ત્રીઓના, કારણકે તેમાં તમને વધારે રસ હોય છે) નું નિરીક્ષણ કરી લો છો અને અને આ નાનકડી વિધિ પૂરી કરીને પછી તમે બસમાં આવો છો અને બેસી જાવ છો.

હાં તો, જેવો કોઇ પુરુષ રસ્તો છોડીને બસ તરફ દોડે છે અને અંદર જુએ છે કે તરત જ મને ખ્યાલ આવી જાય છે કે તે કયા પ્રકારની વ્યક્તિ છે. આ બાબતમાં મારી ક્યારેય ભૂલ થતી નથી. હું જાણી જાઉં છું કે તે ગંભીર વ્યક્તિ છે કે સહેલાઇથી ખિસ્સામાં કાપવા માટે દસ

સેંટનો ખર્ચ કરી રહ્યો છે. મને તરત જ ખ્યાલ આવી જાય છે કે કોઇ છોકરીનો બાજુમાં ઓછી જગામાં બેસીને હેરાન થવા તૈયાર છે.

જ્યારે મારી બાજુની જગા ખાલી હોય છે, તો બસની બારીમાંથી અંદર જોનારને હું તરત જ ઓળખી જાઉં છું કે કયો પુરુષ બેપરવા છે કે ગમે ત્યાં બેસી જશે, ને કોણ થોડી રસિકતા ધરાવે છે કે બેસીને પછી અમારા પર નજર નાખવા ધીરેથી ડોક ઘુમાંવશે. ને કોણ એવો ઉત્સાહી શખ્સ છે કે બસની છેલ્લી સીટમાં મારી બાજુમાં બેસવા માટે આગળની સાત ખાલી બેઠકો છોડીને ગિરદીમાં પણ સંઘર્ષ કરીને આવશે.

સીધી વાત છે કે આવા લોકો રસપ્રદ હોય છે. એકલી સફર કરનારી છોકરીની જેમ હું ઊઠીને બારી પાસેથી સીટ આપી નથી દેતી પણ બારી તરફ સરકી જઈને એ મહેનતુ મહાનુભાવ માટે ઘણીબધી જગા ખાલી કરી આપું છું.

ઘણી બધી જગા? ખોટી વાત. કારણકે છોકરી પોતાના પડોશી માટે ત્રીજા ભાગની જગા ખાલી કરી આપે તો પણ એ પૂરતી નથી હોતી. પોતાની ઈચ્છાથી હાલતો - ચાલતો એ માણસ અચાનક આશ્ચર્યજનક રીતે સ્થિર થઇ જાય છે, જકડાઇ જાય છે. જાણે કે એને લકવો થઇ ગયો હોય. પણ આ દેખાડો થોડીવાર જ ટકે છે. જો કોઇ સંશયભરી નજરે એમની સ્થિરતા પર ધ્યાન આપે તો ખબર પડે ચહેરા પર લાપરવાહીનો ભાવ રાખીને બેઠેલા એ મહાપુરુષનું શરીર ચતુરાઈથી બારી તરફ ધીમે ધીમે સરકી રહ્યું છે, પેલી છોકરી તરફ. જો કે તે એ છોકરી તરફ જોતા પણ નથી, કે એમાં રસ છે એવું દેખાવા દેતા પણ નથી.

તો આવા હોય છે પુરુષો. ઉપર ઉપરથી તો એમ જ લાગે કે જાણે ચંદ્રમાના વિચારોમાં ખોવાઇ ગયા છે, જ્યારે બધો સમય એમનો ડાબો (કે જમણો) પગ સાવધાનીપૂર્વક બારી તરફ સરકી રહ્યો હોય.

મને એ કબૂલાત કરવામાં કોઇ નાનમ નથી કે જ્યારે આ બધું ચાલતું હોય ત્યારે મારો કંટાળો ભાગી જાય છે. બારી તરફ ખસતી વખતે એક જ નજરમાં હું એ 'માઇભક્ત'ને સારી રીતે ઓળખી લઉં છું. હું જાણી જાઉં છું કે એ જોશીલા યુવકોમાંનો એક છે, જે પોતાના

ભાવાવેગને શરણે થઇ જાય છે. કે પછી એવો નફ્ફટ માણસ છે, જે મારા માટે હેરાનગતિનું કારણ બની શકે. મને ખબર પડી જાય છે કે એ સજ્જન પુરુષ છે કે લંપટ, લફંગો છે. કોઇ ધંધાદારી અપરાધી છે કે નવોસવો પોકેટમાર. મને ખ્યાલ આવી જાય છે કે એનું આકર્ષણ વાસ્તવિક છે કે તે એક બનાવટી દિલફેંક યુવાન છે.

પહેલી નજરે એવું લાગી શકે કે એક ખાસ પ્રકારના માણસોના ચહેરા પર જ ઢોંગનું મહોરું પહેરીને પગ સરકાવવાનું કામ કરતા હશે, એટલે કે આ વાત સાચી નથી અને ભાગ્યે જ એવી કોઇ છોકરી હશે જેનું આ વાત પર ધ્યાન ન ગયું હોય. દરેક છોકરી દરેક પ્રકારના વ્યક્તિ સામે પોતાની સુરક્ષા માટેના આગવા કીમિયા તૈયાર રાખતી હશે. પણ મોટાભાગે જો કોઇ વ્યક્તિ યુવાન હોય અને એણે મેલાં કપડાં પહેર્યાં હોય તો એ ખિસ્સાકાતરુ હોવાની શક્યતા છે. પુરુષો જે પદ્ધતિ અપનાવે છે તેમાં કોઇ ફરક નથી હોતો. સૌથી પહેલાં અચાનક જડ બની જવું. પછી ચાંદ વિષે વિચારવાની સ્ટાઇલ, પછીનું પગલું એટલે પાડોશીને એક નજરે જોઇ લેવી એનો એકમાત્ર હેતુ જગાનું અંતર માપવાનો હોય છે, જે અમારી અને તેના પગ વચ્ચે હોય છે. આ બધું જાણી લીધા પછી કાર્યક્રમ શરૂ.

મને લાગે છે કે તમારે પુરુષો માટે આના કરતાં એટલે કે ક્યારેક પગની એડીથી, તો ક્યારેક પાણીથી પગને આગળ સરકાવવા કરતાં વધારે રસપ્રદ ભાગ્યે જ કશું હશે. ચોખ્ખી વાત છે કે તમને પુરુષોને પોતાની આ હાસ્યાસ્પદ હરકત દેખાતી નહીં હોય. પણ એક બાજુ અગિયાર નંબરનાં જૂતાં ને બીજી બાજુ બેવકૂફ જેવા ચહેરા સાથે જે ઉંદર - બિલ્લીની રમત રમાય છે એની વાહિયાતપણાની સરખામણી તમે પુરુષો દ્વારા કરેલા બીજા કોઇપણ કામ સાથે થઇ શકે તેમ નથી.

હું પહેલાં જ કહી ચૂકી છું કે આવી હરકતોથી હું અકળાઇ જતી નથી. મને આમાંથી ખૂબ મનોરંજન મળે છે. જેવો એ નારીનો ઉપાસક એકદમ યોગ્ય અંદાજ લગાવે છે કે પગે કેટલું અંતર કાપવાનું છે, પછી એ નીચે જોતો નથી. એને પોતાના અંદાજ પર પૂરો ભરોસો હોય છે. આમ પણ વારંવાર નીચે જોઇને અમને ચેતવણી આપવાની તેની

બિલકુલ ઇચ્છા નથી હોતી. તમે સમજી શકો છો કે એને જોવામાં નહિ પણ સ્પર્શસુખ માણવામાં રસ હોય છે.

હાં તો, એ પ્રેમાળ પાડોશી જ્યારે અડધું અંતર આંબી લે છે, ત્યારે હું એટલી જ ચાલાકીથી અને ચહેરા પર હું મારા વિચારોમાં ખોવાઇ ગઇ હોઉં એવો ઢોંગ કરીને પગ સરકાવવાનું શરૂ કરી દઉં છું. ફરક માત્ર એટલો જ હોય છે કે મારો પગ એના પગથી ઊંધી દિશામાં ગતિ કરે છે. બહુ વધારે નહિ, થોડા ઇંચ પણ પૂરતા છે.

મજા ત્યારે આવે છે કે મારા પાડોશીનો પગ નક્કી કરેલું અંતર કાપીને નિર્ધારિત સ્થળે પહોંચે છે, પણ એ કોઇ ચીજને સ્પર્શી શકતો નથી. એવા સમયે એના ચહેરા પર જે આશ્ચર્યનો ભાવ ઉભરાય છે, તે જોવાલાયક હોય છે. આ શું, કાંઇ નહિ? અગિયાર નંબરનો જોડો હવામાં એકલો રહી જાય છે. એને આઘાત લાગે છે. પહેલાં એ નીચે જુએ છે ને પછી મારા ચહેરા સામે. પણ હું તો હજુયે મારા વિચારોની દુનિયામાં ખોવાયેલી હોઉં છું. હવે એને થોડુંઘણું સમજાય છે.

સત્તરમાંથી પંદરવાર એ અકળાયેલો સજ્જન પુરુષ પ્રયત્ન કરવાનું છોડી દે છે. (મારા લાંબા અનુભવ પછી હું તેના આંકડા આપું છું) મને મારા પાડોશી સામે ચેતવણીભરી નજરમાં અપમાન, અવગણના કે ગુસ્સો હોય. એની તરફ ડોક ફેરવી જોવું જ પૂરતું હોય છે. માત્ર એ દિશામાં, એની તરફ આગળ વધ્યા વગર. આવી વખતે એવા કોઇપણ પુરુષ સાથે સીધી નજર ન મેળવવી જોઇએ, જે ખરેખર આપણા પર મુગ્ધ થઇ ગયો હોય છે. કેશિયરને આ વાતની બરાબર ખબર હોય છે, જેના પર બહુ બધી માલમત્તા સમાવવાની હોય છે અને એ યુવાન સ્ત્રીઓ પણ, જે ખૂબ દુબળી, ખૂબ કાળી કે બહુ નાના ચહેરાવાળી કે બહુ નાની આંખોવાળી ન હોય.

લિખિતંગ એમ. આર.

***

પ્રિય બહેનશ્રી,

તમારી સહૃદયતા બદલ આભારી છું. તમારી વિનંતી પ્રમાણે તમે લેખમાં જે વિચારો પ્રગટ કર્યા છે એની સાથે સહમત થતાં મને આનંદ થશે. પણ તમારા એક સહયાત્રી હોવાને નાતે તમારી પાસેથી એક સવાલનો જવાબ મેળવવા માગું છું. જવાબ આપશો તો મને સાચા દિલથી ખુશી થશે. એ સત્તર નક્કર પ્રસંગોને બાદ કરતાં, (કે જેની તમે ચર્ચા કરી છે,) શું તમે ક્યારેય કોઈ પાડોશી - લાંબો કે ઠીંગણો, ગોરો કે શ્યામ, જાડિયો કે નબળો - પ્રત્યે રત્તીભર પણ આકર્ષણ અનુભવ્યું નથી? શું ક્યારેય કોઈના પ્રતિ સમર્પણની આછી, ભલે એકદમ ઝાંખી પણ ઈચ્છા થઈ નથી કે જેનાથી તમારા માટે તમારો પગ પાછળ ખેંચી લેવો એ અણગમતું અને અઘરું બની ગયું હોય?

એચ. ક્યૂ.

***

માનનીય શ્રી,

સાચું કહું તો હા. એકવાર, માત્ર એકવાર મારા જીવનમાં મારી અંદર કોઈના પ્રત્યે વધવાની ઈચ્છા થઈ હતી. હકીકતમાં સાચું કહું તો હા, મારા પોતાના પગમાં શક્તિ જ નહોતી રહી એવું મને લાગ્યું હતું (એની ચર્ચા તમે કરી છે) અને એ વ્યક્તિ તમે હતા. પણ તમારામાં આનો ફાયદો ઉઠાવવાની હિંમત જ નહોતી.

એમ. આર.

(વિશ્વસાહિત્યની પ્રસિદ્ધ વાર્તાઓ – ૧ માંથી.)

ઘાટીને ખુલ્લો પત્ર – જ્યોતિન્દ્ર દવે

ખુલ્લા પત્ર લખવાની કળા દિવસે દિવસે વિકાસ પામતી જાય છે. દૈનિકપત્રમાં લગભગ હંમેશ કોઇ ને કોઇ પ્રકારનો ખુલ્લો પત્ર પ્રગટ થાય છે. વાઇસરૉયથી માંડીને વનિતાવિશ્રામના વ્યવસ્થાપક સુધી સર્વેને ખુલ્લા પત્રો લખવામાં આવે છે. કેટલાક લેખકોને તો જેને તેને પત્રો લખવાની ટેવ જ પડી ગઇ છે. દર બીજે દિવસે તેઓ કોઇને કોઇના ઉપર ખુલ્લો પત્ર લખે છે. એક પ્રસિદ્ધ પુરુષના ખુલ્લા પત્રો હું હંમેશ વાંચું છું. ને હવે એ કોના પર ખુલ્લો પત્ર લખશે, એમ દરેક વખતે એમનો પત્ર વાંચી વિચારમાં પડું છું. હવે એમને પોતાની પત્નીને ખુલ્લો પત્ર લખવાનો રહ્યો છે ને એ કાર્ય એઓ ક્યારે કરે છે તેની હું વાટ જોયા કરું છું.

ખુલ્લા પત્રોની વિશિષ્ટતા એ છે કે જેને માટે એ લખાયેલા હોય છે તેના સિવાયના બધા એ વાંચી શકે છે અને જેને સંબોધીને લખાયેલા હોય છે તે ઘણુંખરું એ વાંચતા નથી. આથી બે પ્રકારનો લાભ થાય છે; પારકા પત્રો વાંચવાની સ્વાભાવિક ને પ્રગતિપોષક ઇચ્છા સંતોષાય છે, અને પોતાના પત્રો વાંચવાના કંટાળાથી બચી શકાય છે. ને લખનારને મોટો લાભ એ થાય છે કે ખાનગી પત્રમાં જે લખવાની હિંમત એની ચાલતી નથી તે જાહેર પ્રજાની સેવાવૃત્તિને નામે એ છડેચોક લખી શકે છે.

આવા અનેક વિચારોને અંતે હું મારા ઘાટીને ખુલ્લો પત્ર લખવાના નિશ્ચય પર આવ્યો છું. મારે એને ઘણું ઘણું કહેવાનું છે પણ સામે મોઢે હું એને કંઇ પણ કહી શકું એમ નથી. અને એનું કારણ, મને મરાઠી-ઘાટીઓ સહેલાઇથી સમજી શકે એવું મરાઠી તો-બિલકુલ આવડતું નથી. એ એક જ નથી. એ ઉપરાંત સબળ કારણ જુદું જ છે.

ઘાટીને તે ખુલ્લો પત્ર હોય? એ કયે દિવસે વાંચવાનો? એવી શંકા કોઇને થશે. પણ ખરું પૂછો તો એ જ કારણથી હું આ પત્ર લખું છું. ઘાટી નહિ વાંચે એવા નિશ્ચાયાત્મક જ્ઞાનના બળ વડે જ હું આ પત્રલેખનની પ્રવૃત્તિ આદરી શકું છું. એ જો વાંચી શકતો હોય તો મારા કોઇપણ લખાણમાં ઘાટી તો શું પણ 'ઘટ' શબ્દ પણ ભૂલથી ન વરપાઇ જાય તેની હું ચોક્કસ કાળજી રાખત. વસ્તુસ્થિતિનો લાભ-અથવા ગેરલાભ-લઇને કોઇ મારા ઘાટીને (મેં એને પત્ર લખ્યો છે એ વાત) કહી દેશે, તો હું એ વાતનો ઇન્કાર કરીશ. એટલું જ નહિં, પણ હું

એને જણાવીશ કેઃ 'મેં એ પત્ર તારે માટે નહિ પણ તને જેણે વાત કરી તેના ઘાટીને માટે લખ્યો છે. બધા ઘાટીઓમાં તું અપવાદરૂપ છે. હે ઘાટીશ્રેષ્ઠ! તારે માટે કશી પણ ફરિયાદ નથી.'

આટલી ચોખવટ કર્યા પછી ઘાટી સિવાયના વાચકો માટે જણાવવું જરૂરનું છે કે મારા ઘાટી સંબંધી મારે ફરિયાદ કરવાની છે- સખત કડવા શબ્દોમાં ફરિયાદ કરવાની છે. પુરુરવાની ખાનગી વાત વિદૂષકનું હૃદય ફાડીને મુખ વાટે બહાર આવવા પ્રયત્ન કરતી હતી, તેમ એ ફરિયાદો પણ મારા હૃદયમાં સમાવી શકાતી નથી; મારે કોઈ પણ ઉપાયે એ પ્રગટ કર્યા વગર ચાલે એમ નથી. બીજો કોઈપણ માર્ગ ન હોવાથી મારે ખુલ્લા પત્ર દ્વારા જ મારી ફરિયાદો પ્રગટ કરવી રહી. આ પત્ર શરૂ કરતાં પહેલાં જે ભૂમિકા લખી છે તેનાં દેખીતાં કારણ ઉપરાંત એમાં બીજા ઉદ્દેશ પણ છે. કદાચ મારો ઘાટી અક્ષરજ્ઞાનની કોઈ વિશાળ યોજનાનો લાભ લઈ વાંચતાં શીખી જાય અને એ આ વાંચે અથવા તો કોઈ મારો હિતચિંતક એને આ વાંચી સંભળાવે, તો આટલી ભૂમિકાના ભારથી જ એનું મગજ બહેર મારી જશે, કે ત્યાર પછીનો પત્ર એ જરા પણ સમજી શકશે નહિ. પણ હવે વિસ્તાર કરીશ તો વાચક પણ કદાચ કંટાળી જશે એવા ભયથી હવે હું પત્ર જ આરભું છું.

તુકારામ, સખારામ, ઇઠ્ઠુ, પાંડુ, ભીખુ અને ખાસ કરીને રામો એવા વિવિધ નામે ઓળખાતા હે ઘાટીશ્રેષ્ઠ! તું અત્યારે મારી પોતાની પેટીમાંથી ચૂનો લઈ મારી નવી ચોપડીના પૂઠા પર તે ચોપડવામાં રોકાયો છે, તે કાર્યમાંથી નિવૃત્ત થઈને તારે માટે જે ફરિયાદો કરવાની છે તે સાંભળ.

હું તારી ફરિયાદ ને વાત જેટલી સાંભળું છું તેટલી મારી વાત કે ફરિયાદ તું સાંભળતો નથી, એ મારી પહેલી ને મોટામાં મોટી ફરિયાદ છે.

હું મોડો ઊઠું છું એ તો તું આટલા અનુભવ પરથી ચોક્કસ સમજ્યો છે. છતાં સવારના પહોરમાં વહેલો આવીને પથારી ઉઠાવવી છે, કચરો કાઢવો છે, એવાં બહાનાં કાઢી તું મને જગાડી મારે છે. તે તરફ હું સખ્ત અણગમો જાહેર કરું છું.

તું મારે ત્યાંથી પાનતંબાકુ લઈ જાય છે તેમાં મારે કંઈ પણ વાંધો નથી. ખરું કહું તો હું એ તારે માટે જ વસાવું છું, પણ તું જઈને

તારા મિત્રમંડળને અને આપ્તજન વચ્ચે એની લહાણી કરીને વહેંચીને ખાવાની સદવૃત્તિ દર્શાવે છે, તે મને કંઈક ભારે પડે છે; અને એથી ય વધારે તો, તું બીજા ઘાટીઓ વચ્ચે 'શેઠને પાન લાવતાં આવડતાં નથી, સોપારી સડેલી લાવે છે. કાથો લોટ જેવો હોય છે,' એવી બાબતની ચર્ચા ઉપાડે છે, તે સામે મારો વાંધો છે.

મારાં વાસણો તું જ માંજે છે, અથવા માંજવાનો ઢોંગ કરે છે; છતાં 'શેઠ, તમારા વાસણો ચીકણાં બહુ રહે છે,' એમ તું મારે મોઢે ફરિયાદ કરે છે, ત્યારે જગતમાં પ્રામાણિકતા, ન્યાય કે સચ્ચાઇ જરા પણ છે કે નહીં એ વિષે મને ઘણો સંદેહ થાય છે. હું જ્યારે જ્યારે તારી સાથે મરાઠીમાં વાત કરું છું ત્યારે મારો ઉદ્દેશ તને હસાવવાનો હોતો નથી. હું તને કંઈક ઉપયોગી કાર્ય કરવા કહું છું એમ સમજી તારે હસવાનું છોડી મારા કહેવા પર લક્ષ આપવું જોઈએ.

હું તારી સાથે મરાઠીમાં બોલું તેથી તારે મારી જોડે ગુજરાતીમાં બોલવાની કંઈ જ જરૂર નથી. મારું મરાઠી તું ભલે નહીં સમજતો હોય, તારી મરાઠી હું સમજી શકું છું. હું જે વસ્તુ જ્યાં મૂકું છું ત્યાંથી તેને ખસેડીને તું બીજે ઠેકાણે મૂકી દે છે. હું પેન્સિલ, ખડિયો, કાગળ વગેરે ટેબલ પર મૂકું છું, તો તું ત્યાંથી તેને ખસેડીને રસોડમાં મૂકે છે, અને તેને બદલે ટેબલ પર કોઈક વાર ધોવાઈને આવેલાં કપડાં ને ઘણી વાર રસ્તામાં ફેંકી દીધેલા જૂના જોડા લાવીને મૂકે છે. ઢાંકણું બરાબર રાખી શકાય તે માટે હું ટ્રંકને ભીંતથી દૂર મૂકું છું તો તું તેને તરત જ ભીંતની અડોઅડ પાછી મૂકી દે છે. મને વહેમ છે - અરે, ખાતરી છે- કે તું આ જાણી જોઈને, મને ચીઢવવાને માટે જ કરે છે. તારે મને ચીઢવવો જ છે; કેમ? તું મને ગુસ્સો જ કરવા માગે છે, ખરું? તો-તો હું તને સાફ સાફ કહી દઉં છું, કે હું એથી જરા પણ ચિઢાતો નથી! હું મોડી રાતે ઘેર આવવાનો હોઉં ત્યારે તું બારણાં આગળ ટેબલ, તેની જોડે ખુરશી, ખુરશી પાસે ત્રણ ટ્રંક ને ટ્રંક પર ગોળી એમ ગોઠવીને દીવો હોલવીને ચાલ્યો જાય છે. હું ઘરે આવું ત્યારે અંધારામાં ટેબલ સાથે પહેલાં મારું માથું કુટાય પછી ખુરસી મારા પગના નાળા ભંગી નાંખે, ત્યાર પછી ટ્રંકના ખૂણા પગમાંથી લોહી કાઢે ને છેવટે ગોળી મારી સાથે ઓરડામાં ગબડવા લાગે, એટલા માટે જ તું એમ કરે છે, એ હું જાણું છું. દુઃખ સાથે હું કબૂલ કરું છું કે તારી એ દુષ્ટ મુરાદ ઘણી વખત બર આવી છે. તારા ઉદ્દેશમાં તે ધારી પણ ન હોય એટલી સફળતા તને મળી છે.

તું બે મહિના આગળ જ તારો પગાર માગે છે. એ તારી રીત ખોટી છે. કોઇ પણ મોટી-મોટી કે નાની-ઓફિસમાં એમ 'આંગ

ઉપર' પગાર મળતા નથી. મને કોઇ દિવસ એમ પગાર મળ્યો નથી ને મળવાનો નથી. અમને આગળથી નહીં જ, પાછળથી પગાર આપવામાં આવે છે. ઘણી વાર તો બાપનો પગાર, તેના મૃત્યુ બાદ તેના પુત્ર કોર્ટની મદદથી વસૂલ કરી શકે છે.

તું કોઇ વાર દારૂ પીએ છે તે વિષે મારે કંઇ કહેવાનું નથી. પણ તું દારૂ પીને મને પીધેલો શા માટે ધારે છે તે હું સમજી શકતો નથી. એમાં કાર્યકારણના નિયમનો ભંગ થાય છે એ તો તું કદાચ નહિ સમજે, પણ એમાં મારી આબરૂને, તારા મિત્રમંડળમાં મારી જેટલી આબરૂ તેં રહેવા દીધી હોય તેટલી આબરૂને-હાનિ પહોંચે છે, એ સ્પષ્ટ કરવાની જરૂર છે?

તને મેં સલાહ આપવા રોક્યો નથી, તને આપું છું તેટલા પૈસામાં જ સારી સલાહ આપનારા વકીલો એટલા બધા છે કે તેમને છોડીને મારે તારી સલાહ લેવાની જરૂર નથી. તને વાત કરવાનો અત્યંત શોખ છે. હું કોઇ રસભર્યું પુસ્તક વાંચતો હોઉ ત્યારે મારી સામે બેસીને પાનની પેટી લઇ હાથમાં ચૂનો ને તંબાકુ મસળતો મસળતો તું પાડોશીઓની વાત કરવા બેસે છે, અથવા મારી નાજુક તબિયતને સુધારવાના પ્રાથમિક પ્રયાસો સૂચવે છે, કે મારા ખોરાકમાં કરવા જોઇતા ફેરફારોની યાદી કહી સંભળાવે છે, ત્યારે તારું ને મારું બંનેનું કામ ને મારા એકલાનો મિજાજ બગડે છે, એનો તને ખ્યાલ રહેતો નથી.

તારા અવાજથી, તારા મૂઠી વાળી હાથ હલાવી ધમકી આપવાના અભિનયથી, અને લાગ મળતાં પ્રતિસ્પર્ધીને નળ કે ભીંત જોડે ઘોંચી દઈને અનવરત મુષ્ટિપ્રહાર કર્યા જવાના તારા ચાતુર્યથી અત્યારે નામશેષ થયેલી આર્યોની વીરશ્રીને તેં ટકાવી રાખી છે તે હું જાણું છું, પરંતુ હથિયારના અભાવે, આપણને નિઃશસ્ત્ર કરવાનો કાયદો બ્રિટિશ સરકારે કર્યો છે તે કારણથી, તું મારાં કડછી, તવેથો અને બીજાં વાસણોનો શસ્ત્રાસ્ત્ર તરીકે ઉપયોગ કરી તેમને હંમેશના ઉપયોગ માટે નિરર્થક કરી મૂકે છે, તે કોઇ પણ રીતે વાજબી નથી. પ્રતિસ્પર્ધી સામે પથરો ફેંકે, ઈટ ફેંકે કે મોટી શિલા ફેંકે તેમાં મારે કંઇ કહેવાનું નથી. પણ તું જ્યારે તને માંજવા આપેલાં મારાં વાસણો ફેંકવા મંડે છે ત્યારે એ દૃશ્ય જોઈને ઘડીભર મારું હૃદય અટકી જાય છે.

મારા ગુણાવગુણો-ખાસ કરીને અવગુણો-મારી રહેણીકરણી ને મારાં સ્નેહીસંબંધીઓ એ સર્વનું ઝીણવટભર્યું, ને ઊંડું પૃથ્થકરણ કરી તે વિષે જાહેરમાં અહેવાલ રજૂ કરવા મેં તને રોક્યો નથી. 'શેઠ

ખાય છે બહું ઓછું, ને ઊંઘે છે બહુ વધારે!' એમ મારા સંબંધી બધા પાડોશીઓને કહી આવવાની તારે કાંઇ પણ જરૂર નહોતી.

અમને અઠવાડિયામાં એક જ દિવસ રજાનો મળે છે; ઈશ્વરે પણ એક જ દિવસ આરામ લીધો હતો; પણ તું દર અઠવાડિયે ઓછામાં ઓછા બે દિવસ તારી મેળે જ તને રજા આપે છે. અને એ પણ કદાચિત્ ચલાવી લઉ, પણ કયા દિવસે તું નક્કી કરે છે એ સામે મારે સખ્ત વાંધો છે. જ્યારે મારે ખાસ કામ હોય કે મેં ઘરે મિત્રને જમવા બોલાવ્યો હોય ત્યારે જ તું નથી આવતો એ કંઇ આકસ્મિક હોય એમ માનવા હું તૈયાર નથી. મારા મિત્રો આગળ ચાના પ્યાલા ને બીજાં વાસણો માંજવાનું ક્ષુદ્ર કાર્ય મારે કરવું પડે ને તેથી હું હલકો પડું, એ તારો ઉદ્દેશ ચોક્કસ કળી શકું છું.

પણ આ બધું છતાં તું મને એકલો મૂકીને ચાલ્યો ન જતો. માસ્તર, વકીલ, કારકુન વગેરે બધા ધંધાનાં ક્ષેત્રમાં હવે કોઇને માટે જગા રહી નથી. 'તું નહીં, તો તારા બાપ બીજા!' એમ સહેલાઇથી અસીલો વકીલને, હેડમાસ્તર અથવા શાળાના સંચાલકો માસ્ટરને, શેઠ કારકુનને કહી શકે છે. ઘાટીને કોઇ એમ કહી શકતું નથી; કારણ કે એક ઘાટી જતાં તેની જગ્યાએ બીજો મળવો મુશ્કેલ છે. અને કદાચ બીજો મળે તો યે તે સ્થિર થઇને તો નહિ જ રહે. મારા એક ઓળખીતાને ત્યાં એક મહિનામાં 28 ઘાટી બદલાયા હતા. 30 નહિ ને 28 જ. તેનું કારણ એટલું જ કે તે ફેબ્રુઆરી માસ હતો. એક જાણીતા પત્રના તંત્રીઓ સિવાય આટલા થોડા વખતમાં એક જગ્યાએ આટલા બધા માણસો આવ્યા હોય એ હું જાણતો નથી. આ કારણથી હું ઘાટીને કોઇ પણ રીતે નારાજ કરવા માગતો નથી.

ઘાટી અને શેઠની ફરજ એક જ વાક્યમાં સમજાવવી હોય તો કહી શકાય, કે શેઠની ફરજ એ છે કે ઘાટીને કદી નારાજ ન કરવો, ને ઘાટીની ફરજ એ છે કે શેઠને હંમેશ નારાજ રાખવો.

('રંગતરંગ'માંથી)

પત્રવિશેષ

વહાલુડા તિલુ,

કહે જોઉં, મારો આ અણધાર્યો કાગળ જોઇને તને આશ્ચર્ય વધારે થાય છે કે આનંદ? કદાચ આશ્ચર્ય, ખરું ને? જોકે મારા કોઇ પણ સાહસ વિશે હવે તને આશ્ચર્ય ન થવું જોઈએ. મારા પત્રની તેં અપેક્ષા રાખી હતી ખરી? નહિ રાખી હોય, હું જાણું ને! આવી નાનીનાની ઇચ્છાઓથી તેં પ્રયત્નપૂર્વક તારી જાતને વેગળી કરી નાખી છે છતાં અપેક્ષા વિનાયે મારો પત્ર મળવાથી તને સાચકલો આનંદ પણ થયો હશે - કારણ તું માણસ છે. મારી પ્રકૃતિ અલગ છે. હું તો ઇચ્છા રાખું છું, તે ફળે તેમ ઇચ્છું છું, તે માટે મથું છું. જોખમ ખેડું છું, તે ફળે છે ત્યારે ખુશખુશ થાઉં છું, નથી ફળતી ત્યારે દુઃખ અનુભવું છું, પણ રડવા બેસી જતી નથી - વધારે મચી પડું છું, છતાં નિરાશા મળે છે તો તેના પર આછું હસી લઉં છું. મારા સ્વભાવને સૌથી સારી રીતે તું જાણે છે, એટલે ખરું જોતાં મારે આ બધું અહીં લખવું જોઈતું ન હતું.

તને અને આપણા શહેરને છોડ્યે અઢીએક મહિના વીતી ગયા. અંધેરીના આ નાના પણ રૂપકડા ફ્લેટમાં આમ તો હું ગોઠવાઇ ગઇ છું એમ કહી શકાય, પણ વળીવળીને મને બાપુજીના આલાપ, અભિભાઈની સિતારની ગત અને તારાં પુસ્તકોની કોરીકડાક ગંધમાં ડૂબી જવાની ઇચ્છા થઇ આવે છે.

આ સાવ જુદી જ દુનિયા છે તિલુ! આપણા શહેરની નદી અને અહીંના દરિયા વચ્ચે જેટલો તફાવત છે તેટલો જ મારી ગઇકાલ અને આજ વચ્ચે છે. આવતીકાલ કદાચ વધારે અલગ પણ નીવડે. નદી કરતાં દરિયો ઘણો મોટો છે, બે કાંઠાઓમાં યે સમાતો નથી, પણ નદીનું પાણી મીઠું છે, દરિયાનું ખારું. પ્રત્યેક નદી દરિયામાં સમાવાનું ભાગ્ય લઇને જન્મે છે. હું નદી છોડીને દરિયાની નજીક આવી છું પણ મારે તેમાં સમાઇ જવું નથી. સરસ્વતીની જેમ વખત આવ્યે હું રણમાં શોષાઇ જવાનું પસંદ કરીશ, પણ મારે દરિયાની ખારાશમાં મારા અસ્તિત્વને વહાવી દેવું નથી.

અજય આમ સારો માણસ છે - સારો એટલે કે વ્યવહારુ, મટિરિયાલિસ્ટિક. સવારે ૮-૩૫ની લોકલમાં તે ચર્ચગેટ જાય છે, આખો દહાડો ધંધાની દોડાદોડી કરે છે, રાતે થાકીને – પરસેવે ભીંજાઇને ઘેર આવે છે. તે જે હવામાં શ્વાસ લે છે તે મારે માટે સાવ અલગ છે. એનો મેં આ પહેલાં ક્યારેય અનુભવ કર્યો નથી. હું તો

બાપુજી અને અભિભાઇના રાગ, સૂર, તાલ, લય, તાન, આલાપ, મુરકી, કોમળ, ધૈવત, રિષભ, મન્દ્ર-તારસમકના અને તારા શબ્દ - છંદ - પંક્તિ - પ્રકરણ - પરિચ્છેદ - અલ્પવિરામ - અવતરણચિહ્નના અણુ-પરમાણુઓથી ઘડાયેલી - પોષાયેલી છું. અહીં ફાઇલો, એકાઉન્ટબુક્સ, વાઉચર, કાઉન્ટરફોઇલ, વિલ ઇન્વોઇસ, પેમેન્ટ, લેટર ઓફ઼ ઇન્ટેન્ટ, કવોટેશન્સ, ટેન્ડર, સેલ્સટેક્સ, ઇન્કમટેક્સ એવા થોડાક શબ્દો મારી ફરતે ઘુમરાયા કરે છે! અજય હંમેશાં પ્રોફિટ અને લોસની, બિઝનેસના એકસ્પાન્શનની અને વિદેશમાં રહેલા બેટર પ્રોસ્પેક્ટ્સની વાતો કર્યા કરે છે. હું માનું છું કે તેના વિચારોની પણ સતત એ જ દિશા છે. મારે માટે આ બધું ગ્રીક અને લેટિન છે અને તેથી હું ગૂંગળાવા માંડી છું. એકવાર તો અજયે બિસ્કિટ અને જાકીટની વાત કરી. પહેલાં હું સમજી નહિ. સમજી ત્યારે ઉદાસ થઇ ગઇ; પણ અજયે તો તેની વાત ચાલુ રાખી. મને કહે: 'ફાસ્ટ મની, ઇઝી મની સત્યા! ઇટ, ડ્રિંક એન્ડ બી મેરી!... હેવ ફન એન્ડ ધેન ફરગેટ! કોઇ વાતની બોધર ન કરવી... કશા પર લાંબા ઊંડા વિચારો ન કરવા... લિવ ઉન્જરસલી... આ મોમેન્ટમાં જીવો અને જીવી જાઓ... માગો નહિ, મેળવી લ્યો... મેનિપ્યુલેશન્સ કરીને પણ મેળવી લ્યો...!

આ દુનિયાના એકેએક માણસને રુશવતથી ફોડી શકાય છે... દરેક માણસની એક કિંમત છે, તેને પરચેઇઝ કરી લ્યો...! કરપ્શનના ફક્ત તરીકા જ જુદા છે. કરપ્ટ ધેમ વન એન્ડ ઓલ!

સાચું કહું તિલક, અજયની આવી બધી વાતો સાંભળીને હું તો છળી જ ઊઠી. તેણે કહ્યું : 'મોરલ જેવી કોઇ ચીજ નથી આ દુનિયામાં. કહેવાતા આદર્શો અને સિદ્ધાંતો પાછળ આ કીમતી જિંદગી વેડફવી શા માટે? આદર્શ જાય ચૂલામાં...! વેલ્યુઝની આખી વાત હમ્બગ છે. મેન ઇઝ એન એનિમલ - પહેલાં સોશિયલ, હવે એન્ટીસોશિયલ!' અજય કોણ જાણે કેટલુંય બોલ્યે ગયો! હું ચૂપચાપ સાંભળતી રહી, પણ મારા મનમાં જુદો જ સૂર રણકતો રહ્યો: સાચે જ, હું કેક્ટસના ઘોર જંગલમાં આવી પડી છું! મારા પારિજાતનું શું થશે?

છતાં મારે ફાળે આવેલી ભૂમિકા હું એકંદરે સારી રીતે ભજવતી રહી છું - અત્યાર સુધી, એમ મને લાગે છે. અજય સાથેનું જીવન સાવ નીરસ નથી. શનિવારનો અડધો દિવસ અને આખો રવિવાર તેને માટે ફુરસદના હોય છે. જોકે તે ક્યારેક રજામાં પણ ફાઇલોમાં ખૂંપી જાય છે. હું તેની ચિંતા નથી કરતી. સાંજ જૂહુ કે વરસોવાના દરિયાકિનારે

વીતે છે કે પછી મોંઘી હોટેલ કે સિનેમાઘરમાં. દરિયો જોઈને મને નદી યાદ આવે છે - આપણી નદી.

ઘરમાં અમે બે જ જણ છીએ અને આખો દિવસ તો હું એકલી. મારો સમય પુસ્તકો અને તારાં સ્મરણોની સાથે વીતે છે. આ ત્રણ મહિનામાં સાઠેક પુસ્તકો વાંચ્યા હશે એમ હું જયારે તને લખું છું ત્યારે સાથોસાથ તારા સંતોષની પણ કલ્પના કરું છું. એક સમૃદ્ધ લાઇબ્રેરી અહિ નજીકમાં જ છે. હું તેની સભ્ય બની છું. એ ગ્રંથાલય આપણી વચ્ચેના પુલ જેવું મને લાગે છે. રોજ તને થોડાંક નવાં પુસ્તકો મોકલવાનું વિચારું છું અને પછી ભૂલી જાઉં છું. જોકે તને ક્યાં પુસ્તકોની ખોટ છે?

કમ્પાઉન્ડમાંના લીમડાની એક લીલીછમ ડાળ ગેલેરીમાં લંબાયેલી છે. બપોર-સાંજ હું ત્યાં ઈઝી ચેર ઢાળીને બેસું છું. લીમડો લીલાં-પીળાં પાંદડા ગેલેરીમાં ખેરવે છે. પવનના હિલ્લોળે ડાળ મારી સાથે અડપલું કરીને આઘી ખસી જાય છે. હું હાથ લંબાવી તેને પસવારતી વખતે તે તું છે તેવી કલ્પના કરી ભાવવિભોર બનું છું. રાત્રે શયનખંડના ભૂખરા ઉજાસમાં અજયમાંનો પુરુષ મારી નજીક આવે છે ત્યારે હું તારા ઋજુ સાન્નિધ્યને સ્મરણો દ્વારા સાકાર કરવા મથું છું. બધું બહુ વિચિત્ર રીતે સેળભેળ થઈ જાય છે: પ્રત્યક્ષ કશુંક અને અપ્રત્યક્ષ જુદું જ. પ્રત્યક્ષ કરતાં અપ્રત્યક્ષનો પ્રભાવ વધારે સઘન બને છે; માત્ર સઘન નહિ, સાર્થક પણ. હા સાર્થક.

પણ હવે અટકું. ક્યાંક તો અટકવું જ રહ્યું. અહિ જ શા માટે નહિ? શરીરમાં આળસ અને બેચેની છે. બેચેની કદાચ વધારે છે. અને હૃદયમાં અજંપો. તરસ ફૂટું ફૂટું થઈ રહી છે. રોમરોમમાંથી - તને પામવાની, તારામાં સમાઈ જવાની તરસ. પત્ર લખવાનું પણ નિરર્થક લાગે છે. બધું જ વ્યર્થ બની ગયું છે - તારા સિવાય. પત્ર કાલે પૂરો કરીશ, બસ?

***

(પણ પત્ર અધૂરો જ હતો.)

(બે મહિના પછીનો પત્ર)

મારા અનુરાગી તિલુ,

મારો કાગળ આ પહેલાં તને મળ્યો તો હતો ને? તો જવાબ કેમ ન લખ્યો? હિંમત ન ચાલી? મને હતું જ. મારો સંસાર ડીસ્ટર્બ થાય તેવું કશું નહિ કરવાની તું કાળજી રાખશે જ. તારી વિચારશીલતા તને નિરંકુશ વહી જતો હંમેશાં અટકાવતી રહી છે અને હું તને બેકાબૂ બનાવવાના નિરંતર પ્રયત્નો કરું છું. મારા તરફ તને વહાલ જાગે છે કે ગુસ્સો? બંને? હસ તો ખરો પંડિત! તું પ્રત્યુત્તર લખે તો મને કેટલું બધું ગમે તે પણ મારે તને કહેવું જોઈએ, એમ? મૂરખ! પોસ્ટના સમયે અજય ઘરમાં નથી જ હોતો! હોય તો યે શું? મારો પત્ર એ મારી અંગત બાબત છે. હું અજયના બિઝનેસના કાગળોને હાથ પણ નથી લગાડતી. કહે, હવે તો લખશે ને કાગળ? વહાલુડા, અત્યારે મને તારી, તારા બે શબ્દની કેટલી બધી ઝંખના રહે છે એ હું તને શી રીતે કહું? અત્યારે તું મારી પાસે હોય, હું ગેલેરીમાં ઈઝી ચેરમાં બેઠી હોઉં અને લીમડાની ડાળને બદલે તું મારા ખભા પર ઝૂક્યો હોય, અથવા હું પલંગમાં સૂતી હોઉં અને તારો હાથ મારા વાળમાં કપાળ પર, છાતી પર, પેટ પર ફરતો હોય! સુખથી હું આંખો મીંચી નદીમાં ડૂબકી મારી જતી હોઉં તેમ કશીક હૂંફાળી ઠંડકથી આવરાઈ જાઉં. આપની ફરતે એમ જ શિયાળુ સાંજનો ધુમ્મસભર્યો અંધકાર પથરાઈ જાય... તારે ગળે હાથ વીંટાળીને હું તારા હોઠ ચૂમી લઉં, તારું માથું મારી છાતીના પરપોટામાં છુપાવી લઉં, તારો જમણો કાન મારા પેટ પાસે લાવી તેમાં થતા ફરકાટથી તેને સંગીતમય બનાવી દઉં...! હા, તિલુ, અત્યારે મારા અસ્તિત્વમાં, મારા લોહીના કણેકણમાં ધીમી ધીમી એક સિતાર રણઝણવા માંડી છે. લેડી ડોક્ટર અલકા કુલકર્ણીએ કન્ફર્મ કર્યું છે. વ્હોટ અ થ્રિલ! એય, એમાં તું શા માટે આટલો ગંભીર બની ગયો? હવે તો દોડી આવ મારી પાસે! આ વિરાટ નગર બાહુ ફેલાવીને, મારી જેમ તને આવકારશે. મારા શરીરનો પીળચટો રંગ, મારી આંખોની જુદી જ સફેદી, મારી અલસ ચલ - કશું જ તને મારા સુધી ખેંચી નહિ લાવે?

(ભગવતીકુમાર શર્માની 'અસૂર્યલોક'માંથી.)

સાહિત્યમાં જીવન

પ્રિય સુનીલ,

'આર્ષ'ના પત્ર વિશેષાંક માટે કશુંક મોકલવા તેં કહ્યું, તે ક્ષણે જ વરસોનાં પડળ ખસી ગયાં અને સ્મૃતિની સંદૂકમાં મૂકાઇ ગયેલું અને પત્રવ્યવહારના ભાગ રૂપે લખાયેલું એક ગીત યાદ આવ્યું. આ ગીત મારા અંગત ખજાના શંખલાં, છીપલાં, લખોટી, ચાકના ટુકડાનો એક હિસ્સો છે. જાહેર મંચ પરથી આ ક્યારેય રજૂ કર્યું નથી, પણ તને અને 'આર્ષ'મિત્રોને વંચાવવું મને ગમશે. એ નિમિત્તે ગીત જે સ્થળ સમય-સંજોગોમાં લખાયું ત્યાં ફરી એકવાર આંટો મારી આવવાની તક પણ ઝડપી શકાશે.

નવોનવો બેંકમાં જોડાયો એ અરસામાં દક્ષિણ મહારાષ્ટ્રના સાતારામાં બદલી મળી. એ વખતે સાતારા ચારેબાજુ સહ્યાદ્રિના ડુંગરાઓની વચ્ચે વસેલું એક નાનકડું ખોબલા જેવડું ગામ હતું. ઑર્ડર હાથમાં આવ્યો ત્યારે પંચગિની અને મહાબળેશ્વરને અઢેલીને આવેલા હિલસ્ટેશન જેવા ગામમાં જવા મળશે એ વિચારે જે આનંદ થયેલો એ ડ્યુટી પર હાજર થતાં જ વરાળ થઇ ગયો. શરૂઆતના બેત્રણ દિવસમાં જ ખ્યાલ આવ્યો કે અહીં આસપાસ ગુજરાતી બોલી કે સમજી શકે એવું કોઇ નથી. હિન્દી કે સરખું અંગ્રેજીય બોલી શકે એવું એકાદ જણ મળે તો એને ભેટી પડવાનું મન થાય એવો સીન હતો. ખાતેદારો તો સ્થાનિક અને બેંકનો સ્ટાફ પણ મહદ અંશે સ્થાનિક જ. રોજિંદા જીવનથી લઇને બેંકના કામકાજ સુધી બધે જ મરાઠી ભાષાનું ચલણ. સાતારાની બોલીનો લહેકો ત્યાંની પથરીલી જમીનમાંથી ફૂટતા હાર્ડ વૉટરના ઝરણા જેવો જ ખડકાળ, તો મારા કાન મુંબઇ પુણેની મુલાયમ મરાઠી ક્યારેક ક્યારેક સાંભળવા ટેવાયેલા. ટૂંકમાં બંદાએ ત્યાં જઇને થોડા મહિના 'કોશિષ'ના સંજીવકુમારની ભૂમિકા ભજવી હતી.

યાદ રહે, બેંકોમાં કમ્પ્યુટર આવ્યા નહોતા અને ઇટરનેટ એટલે શું અને મોબાઇલ ફોન એટલે શું એ જાણનારા જૂજ લોકો જ દેશમાં હતા એ દિવસોની આ વાત છે. અત્યારે એ બધું યાદ કરું છું તો મને જ રમૂજ થાય છે. પણ દિવસો સુધી પોતાની ભાષાથી દૂર રહેવાની સ્થિતિ કેટલી પીડાદાયક હોઇ શકે એ હું સમજાવી શકતો નથી. નવી જગ્યામાં ગોઠવાવામાં આવતી નાનીમોટી અગવડો પણ એને લીધે વિરાટ દેખાવા લાગતી હોય છે. બે વરસ પછી જ અહીંથી બદલી થઇ શકશે એ ખબર હતી એટલે ઊંઘમાંથી જગાડીને પણ કોઇ પૂછે તોય બે વરસના સાતસોને ત્રીસ દિવસમાંથી હવે કેટલા દિવસ અને કલાક બાકી રહ્યા એ મને યાદ રહેતું. લાંબી સજાના કેદીની કોટડીમાં પણ ચાંદીની થાળી જેવી એક બારી, વાતાયન હોય છે અને એમાં આકાશનો ચોરસ મજાનો ટુકડો પીરસાયેલો હોય છે. એ આકાશના રંગો સતત બદલાતા રહેતા હોય અને એમાં પણ આકાશના આ ખૂણાથી છેક પેલા ખૂણા સુધી એકાદ પંખી ક્યારેક ટહુકો કરતુંક ઊડી જતું દેખાઇ જતું હોય છે.

સુનીલ, હું નસીબદાર છું. એ કપરા સમયમાં પણ રાહતરૂપ કેટલાક મિત્રો મારી સાથે હતા. સાતારામાં વર્ષોપુરાણા કાળા રામમંદિરના પૂજારી શરદભાઇ જાની અને તેમનો પરિવાર મારે માટે ખારા રણમાં વીરડી સમા હતા. ગુજરાતથી આવી પાંચ પેઢીથી મહારાષ્ટ્રના સાતારામાં સ્થાયી થયેલા આ જાનીપરિવારે ઉત્તર ગુજરાતની બોલીને આજ દિન લગી યથાતથ જાળવી રાખી છે. દૂધભાષા ગુજરાતી અને લૂણભાષા મરાઠી એમ બેય તરફનો શરદભાઇનો પ્રેમ વર્ણવવા આ પત્રનું ફલક નાનું પડે. એ વિશે આપણે રૂબરૂ મળીશું ત્યારે નિરાંતે વાત કરીશું.

આ સાથેનું ગીત જેને પત્રમાં લખીને મોકલ્યું હતું એ મારું બીજું રણદ્વીપ. બા, મારા એક ઘનિષ્ઠ મિત્રનાં મમ્મી. મારી શરૂઆતની

કવિતાઓના પ્રથમ શ્રોતા, સમીક્ષક. નોકરીના ભાગરૂપ બદલીને કારણે આવેલા ભાષાઝૂરાપા અને ઘરઝૂરાપાને સહ્ય બનાવવા બા દર અઠવાડિયે પત્ર લખતાં. અથાણાની બરણી ખુલ્લી રહી ન જાય એનું ધ્યાન રાખવાની ભલામણથી લઇને હમણાં જ વાંચેલી ટૂંકી વાર્તા વિષે લંબાણપૂર્વક લખતાં. વર્ષો સુધી એમણે અઢળક વાંચ્યું હતું. વિષયોની વિવિધતા અને વિચારોની ગહનતા એમના પત્રોમાં દેખાતી. નવું પુસ્તક વાચવાનું સૂચવતાં. સ્થાનિક લાયબ્રેરીમાંથી મેળવીને વાંચી જવા મરાઠી પુસ્તકોના નામ પણ લખી જણાવતા. શરૂઆતના દિવસોમાં તો ઘરઝૂરાપો એટલો તીવ્ર હતો કે શનિવારે રાતે સાતારાથી એસટી બસ પકડી રવિવારે સવારે મુંબઇ આવતો અને રાતે વળતી એસટીથી પાછો નીકળી સોમવારે સવારે કામે જતો. આઠ કલાક મુંબઇની હવામાં શ્વાસ લેવા એસટીની ખડખડપાંચમ બસનો સોળ કલાકનો પ્રવાસ ત્યારે અગવડભર્યો નહોતો લાગતો એ વાતનું આજે મને જ આશ્ચર્ય થાય છે. ઘણીવારતો લખેલો પત્ર પહોંચે એ પહેલાં જ રૂબરૂ મળવાનું થતું, પણ તોય મળેલા પત્રનો ઉત્તર તો આપવાનો જ એવો વણકહ્યો શિરસ્તો હતો. પત્ર લખીને ટપાલપેટીમાં નાખવો અને પછી મનથી એ પત્રની સાથેસાથે જ એના ગંતવ્ય સુધી જવું, પ્રિયતમાને પત્ર લખ્યો હોય તો ટપાલીની ઇર્ષા કરવી અને પત્રનો જવાબ આવે ત્યાં સુધી કલ્પનાના કિલ્લા બાંધવા, તોડવા, ફરી બાંધવા એનો આનંદ શું હોય એ હાથમાં સ્માર્ટફોન લઇને જન્મેલી પેઢીને નહીં સમજાય. પ્રતીક્ષાનું દુ:ખ એ કેટલું મોટું સુખ હોઇ શકે એનો વ્હૉટ્સઍપ ડુડ્સને ખ્યાલ નહીં આવે.

અવસાદના ભાર તળે દિવસો સુધી કશું જ નહોતું લખાતું ત્યારે બા કહેતાં, આ અવસાદને જ લખ. એ સમયની મન:સ્થિતિનું પ્રતિબિંબ ઝીલતી થોડીક કવિતાઓ લખાઇ એમાંનું એક આ ગીત છે. ગમ્યું કે નહીં એ જણાવજે. (વ્હૉટ્સઍપથી ચાલશે. લોલ)

***

પથ્થરના દરિયામાં આવી ડૂબ્યો છું, રેતશીશીની વરણાગી મહેરથી

રોજ સૂરજની કાંચળી ઊતરે ને મારી છાતીમાં મ્હોરે છે હાશ
સાતસોને ત્રીસ દિ'નો પર્વત ચઢવામાં દોસ્ત તૂટી ન જાય મારા શ્વાસ

ઊંબર પર મૂકીને આંખો જીવું છું, આવે શબ્દોની પીળચટ્ટી લહેરખી
પથ્થરના દરિયામાં આવી ડૂબ્યો છું, રેતશીશીની વરણાગી મહેરથી

સુંવાળી જાળમાં અટકી ને તડપે છે જિજીવિષાની કૂણી માછલી
પળપળના પૈડામાં ખોસી દીધી છે મારાં સપનાંની સોનેરી આંગળી

ટેરવાંની શેરીમાં સોપો ભલેને તોયે આવતી હશે જ તને હેડકી
પથ્થરના દરિયામાં આવી ડૂબ્યો છું, રેતશીશીની વરણાગી મહેરથી

***

સપ્રેમ
સંદીપ,
25 ડિસેમ્બર, 2017 (મુંબઇ)

ઉમાશંકરનો સુન્દરમને પત્ર

(23 વર્ષી યુવાન ઉમાશંકર જોશીએ 12 જૂન 1934 એ મુંબઈથી મિત્ર સુન્દરમને લખેલા એક લાંબા પત્રનો શરૂઆતી અંશ.)

પ્રિય ભાઈ સુન્દરમ્,

તમે ગામડે ઘર તરફ ગયા હશો એમ મનને પટાવી દીધું હતું, પણ છેવટે તમે ફાટી નીકળ્યા ખરા ! ગમે તે કારણે પણ આપણો પત્રવ્યવહાર ચાલશે એવી ભૂમિકા પાકી રીતે બંધાતી જાય છે. એકમેકનાં દુઃખ ગાવા કે કાગળના પાલવથી આંસુ લોવા મથવું એ જ આપણા જેવા havenots - મિસ્કિનોની મૈત્રીનો લ્હાવો હશે ! (પૂછો શ્રી કલાપીદેવને.)

તમે પૂરા materialist છો એવો મારો ખ્યાલ હતો. પણ, તમે જેલમાં ગયા તે પહેલાંના સુંદર લાંબા પત્રમાં અને આ પત્રમાં ક્યાંકક્યાંક આદર્શના કૂચડા પણ ફેરવતા રહો છો એ મને જરી અસંગત લાગે છે. ગરીબીનાં ગાણાં ક્યારથી શીખ્યા? લાપરવાહી બરોબર છે, પણ 'સંજોગો ઘસડી જાય ત્યાં' હંકાવાની લાચારી કેમ ખમાય? છેલ્લાં ચાર વરસની વાત જુદી હતી. એમાં તો સેવાસેવા કરવાને બહાને અમાપ સેવા લેવાય, એકાદ મહાપુરુષનું આધ્યાત્મિક પિતૃત્વ 'પામવા પહેલાં' ઘરદીવડિયા પિતાને મરવા પણ દેવાય, વંચાય લખાય નહિ, પણ સેવાશુશ્રૂષાને નામે અંધારેઅજવાળે ટાણેકટાણે સેક્રેટરીપણાં થાય, સ્વાતંત્ર્યસુંદરી અને એની સહચરી કવિતાસુંદરીના 'માયાવિની' રૂપમાં ફસાઈને ઘરવાળીના મોઢા સામું જોવાનો પણ પરવાર ન મળે. ભાઈ, એ જમાનો માફ છે !! તોબાહ છે એમ નથી કહેતો. એ જમાનાની આપણને ઘણી ખોટ રહી જાત. એ જમાનો ન હોત તો આપણેય ન હોત.

અત્યારે તો આપણે-આપ્પણે-એકલા, એકલવાયા, વ્યક્તિ તરીકે જ્યાં છીએ ત્યાં બે પગ પર છીએ. જેમ રહેવું પડશે તેમ રહીશું. એમાં કોની પર ઉપકાર છે? પણ હજીયે 'સંજોગો'ના ગુલામ રહીશું? તમે જાણો છો કે મને તો ગરીબી-ઠેઠ મજ્જારસ સુધી-સદી ગઈ છે. આપણે લોકો તો એમાંથી હ્યુમર પણ ઘણું કરતા આવ્યા છીએ. પણ એનો અર્થ એ નથી કે અકિંચનપણું જ સર્વસ્વ છે.

આ આપણે બધા તર્કો, વિતર્કો અને પરામર્શો કરવા પડે છે એ તરફ તમે જો જરી sense of humour થી જુઓને તો માત્ર એક

જાતની લાચારી ને દરિદ્રતા જ જણાશે. ખીસ્સું જેટલે અંશે ખાલી થતું જાય તેટલે જ અંશે બીજી બાજુ મગજ તર થતું જાય. Rationalizing, Philosophising, બધું શરૂ થાય. એ એકદમ એમ કેમ થઈ આવતું હશે, ભલા? પછી કોઈ ધન્ય પળે માણસને અજબ કીમિયો ફિલ્સુફીમાંથી જડી આવે કે આ વિચારો મંથનોની જરૂર નથી. ગરીબી એ જ હકીકત છે, બીજી બધી ભ્રમણા છે, ત્યારે જોઈ લ્યો !

તમે જાણો જ છો કે હું ખાલી ખીસાનો માણસ છું, અને એકલો (in its psychological sense) છું. Epicurean થઈને જગતની સામે હસી શકું એમ નથી અને જગત પાસેથી (તમારા જેવા મિત્રોના પ્રેમ સિવાય) કશું પામવાની પણ વકી નથી. લાત લગાવવાનું બળ નથી, લાડ મેળવવાનો મોખ નથી... અને છતાં જીવવું તો છે જ. આપઘાત ઓછો થાય છે? એટલે કમ્યુનિઝમ અને એવાં આશ્વાસનોનીયે પર sense of humour જ માત્ર નક્કર આલંબન લાગે છે અને એ humour આત્મલક્ષીપણું રાખીને તો કરી શકાય જ નહિ. આપણને દુઃખ થાય તે ઉપર subjective ઈલાજ રડવાનો છે, પણ જો objective બનીને હસીએ કે 'અરે! મને રડવું સૂઝે છે! જો તો ખરો?' તો તો બસ થઈ રહ્યું. ભલેને ગમે તેટલું દુઃખ હોય. આપણે તો હસવાના, હસવાના ને હસવાના. એટલે આ objectivity જ કેળવવી અત્યારે તો ઈષ્ટ લાગે છે. અનિવાર્ય (સંજોગો, સ્થિતિ, દુરાશા, વ. બધું.) માત્રને, rationalize કરીને ટાઢાં પોતાં વાયા વિના, સીધેસીધું પિછાની લેવું. પરોક્ષપણે જોવું જાણવું સમજવું. જ્ઞાનને અંતે તો વિષાદ જ છે. પણ મને એમ પણ લાગે છે કે જરી જોર કરીએ તો જરૂર વિષાદને પણ ઘોળી પીને હસી શકીએ. So the, long live objectivity !

ઉ.ના. સપ્રેમ પ્રણામ.

('પત્રો 1928-1950 - ઉમાશંકર જોશી' પુસ્તકમાંથી.)

મુંબઈ ગુજરાતી | લેખ

આજની ઘેલછા આવતી કાલની પીડા બની રહેવાની

અંગ્રેજી માધ્યમની પર્વતકાય માર્કેટિંગ અને માતૃભાષાના માધ્યમની પદ્ધતિસર અવગણનાને લીધે માતૃભાષા જૂનવાણીઓનો આગ્રહ તથા અંગ્રેજી આધુનિકોની ફેશન બની ગઈ છે, જે બેનો સંઘર્ષ કશું પરિણામ લાવી શકે એમ નથી.

અંગ્રેજી ભાષા અને માધ્યમને આધુનિકતા સાથે એ રીતે જોડી દેવામાં આવ્યા છે કે એનો વિરોધ કરનારા કે માતૃભાષા માધ્યમની તરફેણ કરનારાને પળનો વિચાર કર્યા વગર જૂનવાણી ઠેરવી દેવામાં આવે છે. લોકોના માનસ પર પણ એવો જ ચિતાર ઘડી દેવામાં આવ્યો છે કે આ ભાઈ નરસિંહમીરાંની વાતો કરે છે, માતૃભાષામાં ભણાવવાના આગ્રહી છે, એનો અર્થ એવો કે તે જૂનીપૂરાણી વિચારધારા ધરાવનારા છે. વિશ્વસ્તરની ભાષાઓ જેટલી જ મહાન ને સમૃદ્ધ હોવા છતાં આપણી ભાષાઓ બીજા ને ત્રીજા દરજ્જાની ભાષાઓ હોય એવો આપણો વ્યવહાર થઈ ગયો છે, અરે વ્યવહાર માત્ર નહીં, આપણને હવે તો વિશ્વાસ થઈ ગયો છે કે આપણે બીજા દરજ્જાના જ છીએ, પહેલા દરજ્જાના તો વિદેશીઓ જ, આ વલણનું શું થઈ શકે? અનેક મહાનુભાવોએ વારંવાર કહ્યા કર્યું છે કે આપણે ભારતીયોએ આપણી પોતિકી માતૃભાષાઓને મહત્વ આપવું જોઈએ. ગાંધીજીએ તો બે ભારતીયો અંગ્રેજી કે વિદેશી ભાષામાં વાત કે પત્રવ્યવહાર કરે તો એમને સખ્ત-સશ્રમ સજા થાય એવી જોગવાઈ ઉમેરવાનું કહ્યું હતું, પણ અગાઉ કહ્યું એમ, આ બધી વાતો જૂનાજોગીઓની છે, આધુનિકો માટે નહીં, આધુનિક વિશ્વ અને આધુનિક પરિસ્થિતિને આ ગાંડાઘેલા જૂનવાણીઓ ક્યાંથી સમજે? માતૃભાષામાં તે કંઈ વળી બાળકને ભણાવાતો હશે? કેવી મૂર્ખતાભરી

વાત? અરે, આ જૂનવાણીઓને તો કંઈ ભાન પડે કે દુનિયા ક્યાંની ક્યાં પહોંચી છે?

આપણે તો બાળકને ટનાટન-ચકાચક શોપિંગ મોલ જેવી ઝગમગતી સ્કૂલોમાં જ મોકલીશું અને લાખોની ફીઝ આપીને અમારા બાળક પ્રત્યે અમને કેટલોબધો પ્રેમ છે એ દર્શાવીશું, બાકી બાળકને ઘરે બેસાડી, એને વહાલ કરવાનો, એની સાથે ગપ્પા મારવાનો, એને જાતે કખગઘ-એકડે એક્કો શીખવવાનો, ઉંદરમામા કે સસલામામાની વાર્તા-કવિતાઓ કહેવાનો, એવોબધો ટાઈમ કોને છે ભાઈ? તો અમે અમારો બાળક પરનો પ્રેમ કેવી રીતે દર્શાવીએ? સિમ્પલ, આવી મોંફાટ મોંઘી સ્કૂલો અને ખિસ્સાફાટ એક્સ્ટ્રા એક્ટિવિટીઝના ક્લાસીસો કરાવી, એની પાછળ ચાર હાથે પૈસા ખર્ચીને જ તો અમે બાળકને કહી શકીશું કે જો અમે તને કેટલોબધો પ્રેમ કરીએ છીએ, ફલાણામાસાએ તો એમના બાળકને પાંચ લાખ રૂપિયાનો જ પ્રેમ કર્યો, પણ અમે તો આ એક જ વર્ષમાં તને સાત લાખ રૂપિયાનો પ્રેમ કરી દીધો જોયુંને તે... અમે કેટલાં સારાં માતાપિતા છીએ.

બસ, આ ને આવું જ આપણું વલણ થઈ ગયું છે, આવી વિચારધારામાં મોટા થઈ ભણીગણી સેટ થયેલાં બાળકો પણ ભવિષ્યમાં એમનાં માતાપિતાને કહેશે કે અરે પપ્પા ચિંતા શું કરો છો, આપણા કઝીને તો એમનાં માતા-પિતાને એક કરોડનો જ પ્રેમ કર્યો, એટલે જ તો એક જ વીમો ઉતરાવ્યો ને સાદા વૃદ્ધાશ્રમમાં મૂકી આવ્યો એમને... હું તો તમને દસ કરોડનો પ્રેમ કરું છું જુઓ, મેં તમારા બંનેના બે-બે વીમા અને બે-બે મેડિક્લેમ પણ કરાવ્યા છે અને વૃદ્ધાશ્રમમાં તમને ન ફાવ્યું એટલે અહીં આ ફ્લેટમાં બે નોકર સાથે રાખ્યાં છે, છુંને હું એક આદર્શ પુત્ર !

બસ, આવા 'આદર્શ પુત્રો'થી જ પછી આપણો સમાજ ભરેલો હશે ત્યારે પણ કદાચ આપણને અક્કલ નહીં આવે કે મૂળને અવગણીને કોઈ છોડ પાંગરતો નથી, કોઈ ખેતર પાકતું નથી, કોઈ ફૂલ ખીલતું નથી, બહારથી મળતા પવન-સૂર્યપ્રકાશ ત્યારે જ અસર કરે છે જ્યારે છોડના મૂળ જમીનમાં પૂરતા ઊંડાણ સુધી ઊતરેલા હોય. જગતમાં કોઈ આવી મૂર્ખતાભરી રીતે ફૂલ ખીલવવાની મથામણ નથી કરતું, પણ આપણે એવી મથામણ કરીએ છીએ ને પાછી એ મથામણની માર્કેટિંગ પણ કરીએ છીએ કે જુઓ, મૂળ ગયું મોસાણમાં, મૂળ વગર પણ આ છોડ આભને આંબશે જુઓ, તમારે

ફક્ત આટલી ફીઝ ભરવાની છે ને આટલા અસાઇમેન્ટ પૂરાં કરવાનાં છે.

-અને બીજી મહત્વની વાત એ કે આપણે જો આ જ કર્યા કરવું હોય તો પછી ફરિયાદો બંધ કરી દેવી જોઇએ. જ્ઞાનમંદિરોને બદલે ફેશનક્લબો જેવી સ્કૂલોને પસંદ તો આપણે જ કરીએ છીએ, આપણને એ જ જોઇએ છે, તો પછી એમાં વ્યાપેલા દૂષણોની ફરિયાદ શું કામ કરવાની? અરે, જે જ્ઞાનમંદિરોમાં પાંચપચ્ચીસ વિદ્યાર્થીઓને ભણવાની ને એવા વાલીઓને ભણાવવાની ઇચ્છા હોય છે એવા જ્ઞાનમંદિરોની ઇમારતોને આપણે કડડભૂંસ કરાવી નાખી છે, તાળા મરાવી દીધા છે અને બાકી રાખી છે બસ આવી મહાકાય ફેશનક્લબો, અને પછી કહીએ છીએ આ તો નરક છે નરક... આ ફેશનક્લબમાં જ્ઞાનના દેવતા કેમ નથી આવતા, આવા બેધ્યાન શિક્ષકો, આવા ભ્રષ્ટ અધિકારીઓ, આવા આળસુ કર્મચારીઓ... આવું દૂષણ...

અરે પણ ભાઇ, જ્ઞાનની પૂજા કરવાને તો મહત્વ જ નથી આપવું. ખૂણેખાંચરે કેટલીક શાળાઓ મિશ્ર ધર્મના વિદ્યાર્થીઓ હોવાથી દાયકાઓથી ચાલતી આવતી સરસ્વતીની વંદના કરવાનું કે શ્લોકો ગવડાવવાની મનાઇ કરી રહી છે, કેટલાકને તો વળી વંદે માતરમ ગવડાવવા સામે પણ વાંધો છો ને એ બધાની સામે કોર્ટમાં પડ્યા છે તો બીજી તરફ અંગ્રેજીની બહુમતી કોન્વેન્ટ સ્કૂલો સદીઓથી બેરોકટોક મધર મેરીની બ્લેસિંગ્સ ગવડાવતી આવી છે એ આપણને ખૂંચતું નથી, ન ખૂંચે છે ધર્મઆધારિત શિક્ષણસંસ્થાનો. ચોવીસે કલાક ને ચારેબાજુ ધર્મપ્રચારની ફેક્ટરી ચલાવતી એ બધી સ્કૂલો આપણને આદર્શ લાગે છે, ને માનવપ્રેમ-પ્રકૃતિપ્રેમ-સર્વધર્મ સમભાવનાં ગુણગાન ગાતી આપણી જ શાળાઓ પછાત છે, કારણ કે ફીઝ વધારે નથી લેતી, બાળકો પર શિસ્તના નામે આદતો નથી લાદતી, બાળકોને મુક્તમને વિકસવા દેવો એ તો જાણે ગુનો થઇ ગયો હોય એમ એને ખાંસી ને છીંક ખાવાની એટિકેટ પણ સ્કૂલો શીખવીને આપે એવું આપણે ઇચ્છીએ છીએ.

આ બધું જ આપણે ચલવી લીધું છે ને આપણી શાળાઓની પડખે હજી આપણે નથી ઊભા રહેવું, આપણી ભાષાઓનો પક્ષ હજી આપણે નથી લેવો, ભાષા વગર સંસ્કૃતિ પણ નહીં ટકી શકે એ નક્કર સત્યને હજી આપણે નથી સ્વીકારવું. હજી બાળકોને આ ઘેટાકંપનીઓમાં જ ઘેટું બનવા મોકલવા છે તો આપણે હસતે મોઢે

બધું સ્વીકારી લેવું જોઈએ કે સાહેબ, રાઈટ જ છે બધું, ઓલરાઈટ. ફી વધારાની ફરિયાદો ન કરવી જોઈએ, બાળકોમાં વધેલા સ્ટ્રેસની ચિંતા ન કરવી જોઈએ, ગધેડાની જેમ કામ કર્યા કરવું જોઈએ ને દર મહિને ગૌણ ભરીભરીને સ્કૂલમેનેજમેન્ટની કેબિનમાં પૈસા ઢાલવી આવવા જોઈએ. આ જ આપણી, આપણે સ્વીકારેલી નિયતિ છે.

દુનિયાનો કોઈ દેશ આવી મૂર્ખતાભરી સ્થિતિ-વ્યવસ્થાને વળગી નથી રહ્યો, એને બદલી શકાય છે, લોકોએ બદલ્યો છે, અરે ઘણે ઠેકાણે તો એક-એક વિદ્યાર્થી માટે એની માતૃભાષાના શિક્ષકની વ્યવસ્થા કરી આપવામાં આવે છે, પણ આપણને હજી ઈન્ટરનેશનલ લેન્ગવેજ, અરે યુનિવર્સલ લેન્ગવેજમાં જ બાળકને ભણાવવાના અભરખાં છે તો પરિણામો, ભોગવટાની યાદી પણ સાથે રાખવી જોઈએ, એ યાદીને દરરોજ વાંચતા રહેવું જોઈએ, ને એમાંનું કંઈક ઘટે તો ફરિયાદ કરવાના વલણને, બીજા સેંકડો આક્રોશો પી જઈએ છીએ એ જ રીતે, પી જવો જોઈએ, ચૂપચાપ !

શું છે, 'મુંબઈ ગુજરાતી સંગઠન' અને 'મારી માતૃભાષા મારી જવાબદારી'ની ઝુંબેશ ?

2011-12 માં, વિદ્યાર્થીઓના અભાવનું કારણ આગળ ધરી એક ગુજરાતી શાળા બંધ કરવાનો નિર્ણય સંચાલકોએ જાહેર કર્યો. શાળામાં ભણતા વિદ્યાર્થીઓના માતૃભાષાપ્રેમી વાલીઓએ શાળા બંધ થવાનાં કારણોનું નિરાકરણ કરવાનાં પૂરતા પ્રયત્નો કર્યા, જરૂરી વિદ્યાર્થીઓની સંખ્યા પણ કરી આપી, વધારાનો ખર્ચ આપવાની તૈયારી પણ બતાવી, એ છતાં, શાળાનું પહેલું ધોરણ બંધ કરવામાં આવ્યું અને એ રીતે શાળા બંધ થવાની શરૂઆત થઈ ગઈ. આ આઘાતથી ઝખમાયેલા માતૃભાષાપ્રેમી વાલીઓએ શહેરની એવી ગુજરાતી શાળાઓ માટે કાર્ય કરવાનું નક્કી

કર્યું, જેમના સંચાલક-શિક્ષકો પણ શાળાને આગળ વધારવા કટિબદ્ધ હોય !

આ નિશ્ચયમાંથી જન્મ્યું 'મુંબઈ ગુજરાતી સંગઠન'.

એ પછીના ચાર-પાંચ વરસમાં આ સંગઠને શહેરભરમાં, સેંકડો વાલીસભાઓ ભરી જાગ્રતિ ફેલાવી, શિક્ષકસભાઓ દ્વારા એમનું પ્રોત્સાહન વધાર્યું, શહેરની પચાસથી વધુ ગુજરાતી શાળાઓની મુલાકાત લઈ સંપૂર્ણ અહેવાલ તૈયાર કર્યો, એના પરથી દસ્તાવેજી ફિલ્મ તૈયાર કરી અને મુંબઈના લાખો ગુજરાતીઓને શ્રેષ્ઠ શિક્ષણ આપવા સાથે સારું અંગ્રેજી શીખવતી હોય એવી સુંદર ગુજરાતી માધ્યમની શાળાઓ મળી રહે એ માટે સંગઠનના મિત્રો આજે પણ કાર્યરત છે. સંગઠનનું સૂત્ર જ છેઃ

'ગુજરાતી માધ્યમ, અંગ્રેજી ઉત્તમ અને શિક્ષણ સર્વોત્તમ.'

આજે આ સંગઠન અનેક કાર્યક્રમો-આયોજનો ને વિવિધ શૈક્ષણિક પ્રવૃત્તિઓ નિયમિત કરી રહ્યું છે, જે વિશે જન્મભૂમિ દૈનિકમાં દર મંગળવારે પાંચમા પાને લેખ આવે છે ઉપરાંત વધુ વિગતો સંગઠનની વેબસાઈટ, બ્લોગ, ફેસબૂક તેમ જ નીચે આપેલાં અન્ય સંપર્કસૂત્રોથી મેળવી શકાશે. આપ તમામમાં રહેલી સાહિત્યિક-શૈક્ષણિક-સામાજિક નિસ્બતને આ કાર્યમાં બનતો સહયોગ કરવા આહવાન છે.

મુંબઈ ગુજરાતી: ૦૯૮૬૯૦૪૦૬૮૦

વેબસાઈટ: www.mumbaigujarati.com

ફેસબૂક: facebook.com/mumbaigujarati/